# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ, સામે,ભુજ

ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં:કેસી/સીજીઆરએફ-ભુજ/૨૦૨૦/ № 127 તા. 28 OCT 2020

રજી. એ.ડી. દ્વારા

પ્રતિ,

કરશન નાથાલાલ કેરાઇ,

મુ.પો. જુનાવાસ-માનકુવા,

મુ-માનકુવા, તા-જી- ભુજ- કચ્છ,

મોબાઇલ નંબર:- ૯૬૩૮૩ ૧૯૦૧૭

વિષય:- કેસ નંબર પીજી૦૨/૦૦૫/૨૦૨૦-૨૧

<u>સંદર્ભ:- આપની અરજી નોંધણી નં. પીજી૦૨/૦૦૫/૨૦૨૦-૨૧</u>

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

<u>બિડાણ-ઉપર મુજબ</u>

(૧) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, દેશલપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-02-005-2020-21.

અરજદાર : શ્રી કરશન નાથાલાલ કેરાઈ
ગામ-માનકુવા, તા.-ભુજ, જિ.-કચ્છ.

રજૂઆત કરનાર : અરજદાર શ્રી હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ,વિભાગીય કચેરી, ભુજ
રજૂઆત કરનાર : ૧) શ્રી બી.ડી.પરમાર, કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભુજ

## :: કોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ : ૨૭/૦૮/૨૦૨૦

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી કરશન નાથાલાલ કેરાઈ – ગામ - માનકુવા – દેશલપર પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ખેતી વિષયક વિજ કનેક્શન ધરાવે છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી ખેતીવિષયક વીજજોડાણ ધરાવે છે. જે દેશલપર પેટાવિભાગીય કચેરી, ભુજ વિભાગીય કચેરી હેઠળ મેળવેલ છે. જેમા તેઓની લેખિત રજુઆત મુજબ તેઓશ્રીની વાડી માનકુવા ગામે હાઈવે સાઇડ આવેલ છે, જેમા તેઓશ્રીના ખેતરમાંથી ૧૧ કે.વી. લાઈના બે થાંભલા(પોલ) પસાર થાય છે સદર થાંભલા ખસેડવા આપવા માટે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૩ અરજદારશ્રીની લેખિત રજુઆત મુજબ તેઓશ્રીની વાડીમાંથી પસાર થતા ૧૧ કે.વી. લાઈનના બે વીજપોલ ખુબજ જર્જરિત થઇ ગયા હોવાથી નમી ગયેલ. જેથી તેઓને ખેતીવાડી અંગેના કામકાજ વખતે અકસ્માતનો ભય રહેતો હોવાથી. તેઓશ્રીએ દેશલપર પેટાવિભાગીય કચેરી ખાતે સદર થાંભલા ખસેડવા માટે મૌખિક, ટેલીફોનીક તેમજ લેખિત જાણ કરેલ હતી.

૧.૪ અરજદારશ્રીની સદર રજુઆત અન્વયે તેઓના ખેતરમાંથી વિજરેશા(લાઈન) દુર કરવા કે બદલવા ને બદલે બાજુના ખેતરમાં રહેલા થાંભલા દુર કરી અને તેઓશ્રીની પરવાનગી વગર તેઓના ખેતરમાં તેઓને નડતરરૂપ ઉભા કરી દીધેલ છે.

૧.૫ અરજદારશ્રીએ તા.૦૮/૦૬/૨૦૨૦ના રોજ કાર્યપાલક ઈજનેરશ્રીને લેખિતમાં અરજી કરેલ અને આ બાબત અંગે તેમની સમક્ષ પણ વાંધો નોધાવેલ છે.

૧.૬ આમ, અરજદારશ્રી દ્વારા ઉપરોક્ત બાબતે યોગ્ય ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ સમક્ષ ન્યાય કરવા રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી કરશન નાથાલાલ કેરાઈ – ગામ- માનકુવા – દેશલપર પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કચેરીનુ ખેતી વિષયક વિજજોડાણ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી કરશન નાથાલાલ કેરાઈ ની વાડી માનકુવા ગામે હાઈવે સાઇડ આવેલ છે.

૨.૨ અરજદારશ્રીના ખેતરમાંથી ૧૧ કે.વી.વાયર ના બે થાંભલા પસાર થાય છે.

૨.૩ અરજદારશ્રીની વાડીમાંથી પસાર થતા ૧૧ કે.વી.લાઈનના બે વીજપોલ ખુબજ જર્જરિત થઇ ગયા હોવાથી નમી ગયેલ. જેથી તેઓશ્રી ને ખેતીવાડી અંગેના કામકાજ વખતે અકસ્માતનો ભય રહેતો હોવાથી તેઓશ્રીએ દેશલપર પેટાવિભાગીય કચેરી ખાતે સદર થાંભલા ખસેડવા માટે મૌખિક, ટેલીફોનીક તેમજ લેખિત રજુઆત કરેલ હતી.

૨.૪ દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીની અરજીમાં ઉલ્લેખ કરવામાં આવેલ તે મુજબ તેઓશ્રી ની રજુઆતના આધારે સાઈટ સર્વે કરી ખેતરમાંથી પસાર થતા વીજપોલ નંગ ૩ ખેતરમાંથી બાજુમાં તા-૨૩.૦૭.૨૦૨૦ ના રોજ ખસેડી આપવામાં આવેલ છે.

૨.૫ અરજદારશ્રીની વાડીમાંથી પસાર થતા ૧૧ કે.વી. લાઈનના વાયર ખુબજ જર્જરિત થઇ ગયા હોવાથી નમી ગયેલ હતા તે પણ દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા ઉંચા કરી આપવામાં આવેલ છે.

૨.૭ આમ, અરજદારશ્રી કરશન નાથાલાલ કેરાઈ ની વાડીમાંથી પસાર થતા નડતરરૂપ વીજપોલ ખસેડી તેમજ ખુબજ જર્જરિત થઇ ગયા હોવાથી નમી ગયેલ વીજ વાયરો દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા ઉંચા કરી સંતોષકારક રીતે કાર્ય પૂર્ણ કરેલ છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની લેખિત તેમજ સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રી કરશન નાથાલાલ કેરાઈ – ગામ- માનકુવા – દેશલપર પેટા વિભાગીય કચેરી, પીજીવીસીએલ કંપનીનું ખેતી વિષયક વિજ્જોડાણ ધરાવે છે.

3.૨ અરજદારશ્રીની રજુઆત મુજબ તેઓશ્રીની વાડી માનકુવા ગામે હાઈવે સાઇડ આવેલ છે, તેઓશ્રીના ખેતરમાંથી ૧૧ કે.વી.લાઈનના બે થાંભલા પસાર થાય છે.

3.3 અરજદારશ્રીની રજુઆત મુજબ તેઓશ્રીની વાડીમાંથી પસાર થતા ૧૧ કે.વી.લાઇન ના બે વીજ પોલ ખુબજ જર્જરિત થઇ ગયા હોવાથી નમી ગયેલ. જેથી તેઓશ્રીને ખેતીવાડી અંગેના કામકાજ વખતે અકસ્માતનો ભય રહેતો હોવાથી તેઓશ્રીએ દેશલપર પેટાવિભાગીય કચેરી ખાતે સદર થાંભલા ખસેડવા માટે મૌખિક, ટેલીફોનીક તેમજ લેખિત અરજી કરેલ.

3.૪ દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીની અરજીમાં ઉલ્લેખ કરવામાં આવેલ તે મુજબ તેઓશ્રી ની રજુઆતના આધારે સાઈટ સર્વે કરી ખેતરમાંથી પસાર થતા વીજ પોલ ખસેડીને બાજુમાં કરી આપવામાં આવેલ છે.

3.૫ અરજદારશ્રીની વાડીમાંથી પસાર થતા ૧૧ કે.વી.લાઈન ખુબજ જર્જરિત થઇ ગયા હોવાથી નમી ગયેલ હતા તે પણ દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા ઉંચા કરી આપવામાં આવેલ છે.

3.૬ આમ, અરજદારશ્રી કરશન નાથાલાલ કેરાઈ ની વાડીમાંથી પસાર થતા નડતરરૂપ વીજપોલ ખસેડી તેમજ ખુબજ જર્જરિત થઇ ગયા હોવાથી નમી ગયેલ વીજ વાયરો દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા ઉંચા કરી સંતોષકારક રીતે કાર્ય પૂર્ણ કરેલ છે.

3.૭ આમ, પીજીવીસીએલ દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થયેલ. અરજદારશ્રી દ્વારા પીજીવીસીએલ દેશલપર પેટાવિભાગીય કચેરીમાં તા.૨૬/૦૮/૨૦૨૦ના રોજ સમાધાનપત્ર (પુરશીશ) આપવામાં આવેલ છે, અને અરજદારશ્રી દ્વારા સીજીઆરએફમાંથી ફરિયાદ પરત લેવામાં આવેલ છે.

3.૮ આમ, અરજદારશ્રીની ફરિયાદનું પીજીવીસીએલ દેશલપર પેટાવિભાગીય કચેરી દ્વારા નિરાકરણ થયેલ હોઈ ફરિયાદ પરત લીધેલ હોઈ, કોઈ હુકમ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમને કરવાનો રહેતો નથી. અરજદારશ્રીની અરજી ફેંસલ કરવામાં આવે છે.

Joshi. [signature]
એન. એચ. જોષી
સ્વતંત્ર મેમ્બર

[signature]
સી.વી. ઠાકર
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો’૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ 3.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ 3.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

PG-02-005-2020-21